ક્રમાંક:નકડ:૭-૧/૨૦૨૩/ એક્સા-૨/૧૫૮-૨
નશાબંધી અને આબકારી અધીક્ષક ની કચેરી.
નર્મદા ભવન 'સી' બ્લોક, ત્રીજા માળે.
જેલ રોડ, વડોદરા
તા૦૬/૦૪/ ૨૦૨૩

પ્રતિ,
મે.એવિડ ઓર્ગેનિકસ પ્રા.લિ.
સર્વે નં.૪૬૦/પી-૩,
મું-પોઈચા (રાણીયા) તા-સાવલી
વડોદરા જી-વડોદરા

વિષયઃ- લાયસન્સ મોકલવા બાબત.

મહાશય,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જય ભારત સાથે જણાવવાનું કે આપની માંગણી અનુસારના નીચે મુજબના લાયસન્સ **નવા**/ તાજા કરી આપવામાં આવે છે.

| અ.નં. | લાયસન્સનો પ્રકાર ફી ચલણ નં. તારીખ | લાયસન્સ નંબર | કેટલા સમય માટે તાજું/ મંજુર/ સુધારો કરવામાં આવેલ છે તે |
|---|---|---|---|
| ૧ | એ.સી-૧<br>ફી.રૂ. ૩૦૦૦/ ચ.નં.૩૬૨<br>તા-૨૧-૦૩-૨૦૨૩ | ૧૧/૨૦૨૩-૨૪ | તા- ૦૧/૦૪/૨૦૨૩<br>થી<br>તા- ૩૧/૩/૨૦૨૪ |

ઉપરોકત મુજબના લાયસન્સ સરકારશ્રીના નિયત ફોર્મમાં રોજીંદા હિસાબ રાખવા તેમજ દર માસની સાતમી તારીખ સુધીમાં માસિક પત્રક નાયબ નિરીક્ષક કચેરીને નહી મળે તો ગુજરાત નશાબંધી ધારો ૧૯૪૯ ની કલમ ૭૭ બી મુજબનો ભંગ ગણીને આપે ગુનો કર્યો છે. તેમ માની ખાતા રાહે કેસ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

૦૬/૦૪/૨૩
અધિક્ષક
નશાબંધી અને આબકારી
વડોદરા જિલ્લો, વડોદરા

નકલ રવાનાઃ- (૧) નશાબંધી અને આબકારી નિરીક્ષક ઉત્તર વિભાગ,વડોદરા શહેર,વડોદરા તરફ જાણ સારૂ.
(૨) નશાબંધી અને આબકારી નિરીક્ષક, તકેદારી એકમ, વડોદરા તરફ જાણ સારૂ.

-: એ. સી.-૧ :- લાયસન્સ નં. ૧૧/૨૦૧૭-૨૦૧૮

## નવસારના બનાવવા માટેનું લાયસન્સ

**ડિરેકટરોનાનામ:-**

(૧) સુરેન્દ્રકુમાર જૈન.

(૨) ધીરજ જૈન

(૩) સ્નેહ જૈન

(૪) શિવાની જૈન

૪૯૦/૧ ગામ પોઈચા (રાણીયા).તા.સાવલી .જી.વડોદરા ખાતે રહેતા શ્રી એવિડ ઓર્ગેનિક્સ પ્રા.લી. ને જેને આમા હવે પછી પરમીટ ધરાવનાર કહ્યા છે. તેને ૧૫૦૦/- ( એક હજાર પાંચસો) રૂપીયાની ફી ચલન નંબર નીલ તા ૦૪/૦૫/૨૦૧૭ થી ભરવામાં આવ્યેથી તા ૦૬/૦૫/૨૦૧૭ સને ૨૦૧૮ની માર્ચ મહીનાની ૩૧ મી તારીખ સુધીની મુદત દરમ્યાન પોઈચા જીલ્લામાં વડોદરા સ્થળે આવેલી તેની જગામાં જેનો આમા હવે પછી લાયસન્સ આપેલી જગ્યા તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં નવસાર બનાવવાનો અને તે તેમના કબજામાં રાખવાનો તેમને અધિકાર આપતુ લાયસન્સ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ અને તે હેઠળ કરેલા નિયમો વિનિયમો અને હુકમોના જોગવાઇઓ હેઠળ તે તેને આધિન રહીને નીચેની શરતોએ આથી આપવામાં આવે છે.

**: શરતો :**

(૧) લાયસન્સદારથી લાયસન્સ સત્તા અધિકારીની લેખિત પરવાનગી સિવાય લાયસન્સ આપેલી જગા સિવાયના કોઈ સ્થળે નવસાર બનાવી શકાશે નહી.

(૨) પરમીટ ધરાવનારથી ૧૫૦૦૦ (પંદર હજાર) **કિલોગ્રામ એમોનિયમ કલોરાઈડ સોલ્યુશન અને એમોનિયમ કલોરાઈડ પાવડર ૬૦ મે. ટન (૬૦,૦૦૦) કીલોગ્રામથી વધુ** નવસાર કોઈ પણ એક સ્થળે પોતાના કબજામાં રાખી શકાશે નહી.

(૩) પરમીટ ધરાવનારે ગુજરાત સડેલો ગોળ અને નવસાર બનાવટ અને કબજા નિયમો ૧૯૭૯ હેઠળ ઠરાવેલા નમુના પ્રમાણે હિસાબો રાખવા જોઈશે અને પત્રકો સાદર કરવા જોઈશે.

(૪) પરમીટ આપનાર સત્તાધિકારીએ તેમ કરવાનું ફરમાવ્યુ હોય તો તે પરમીટ ધરાવનારે તેવા સત્તાધિકારીને અથવા આ અર્થે તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલા અન્ય કોઈ અધિકારીને તેણે કબજામાં રાખેલા નવસારના સબંધમાં તેને પુરી પાડવાનું ફરમાવે તેવી માહીતી પુરી પાડવી જોઈએ.

(૫)નવસારના હિસાબો અને સ્ટોક તપાસવાને અધિકૃત હોય તેવો કોઈ અધિકારી ફરમાવે ત્યારે પરમીટ ધરાવનારે પરમીટ આપેલી જગ્યામાં શોધી કાઢેલી કોઈ અનિયમિતતા સંબંધી લેખિત ખુલાસો આપવો જોઇશે તેણે પૃથ્થકરણ માટે લાયસન્સ આપેલી જગ્યામાંથી નવસારના નમુના [illegible] પણ તેને આપવી જોઇશે

(૬) પરમીટ ધરાવનારે તેની જગ્યામાં [illegible] નંબર આપેલ અને યથાપ્રસંગ નશાબંધી અને આબકારી સુપ્રિન્ટેન્ડન્ટ [illegible] જિલ્લા ઈંસ્પેકટર મહાલકારીનો સિક્કો લગાવેલી વિઝિટ બુક રાખવી જોઈશે.

(૭) પરમીટ ધરાવનાર તેના વારસો કાયદેસરના પ્રતિનિધિઓ અથવા એસાઈનીઓને જે મુદત માટે પરમીટ આપવામાં આવી હોય તે મુદત પુરી થયા પછી તે ચાલુ રાખવા અથવા તાજી કરવા માટે કોઈપણ પ્રકારનો હક્કદાવો રહેશે નહી. વેચાણ અથવા તબદીલીની બાબતમાં પરમીટ ધરાવનાર એસાઈનીને અથવા મૃત્યુની બાબતમાં પરમીટ ધરાવનારના વારસને અથવા કાયદેસરના પ્રતિનિધિને જે મુદત માટે પરમીટ આપવામાં આવી હોય તે મુદતના બાકી રહેતા ભાગ માટે પરમીટનો લાભ તેને દેવો કે નહિ તે બાબત પુર્ણત: પરમીટ આપનાર સત્તાધિકારીના સ્વવિવેકાનુસાર રહેશે.

(૮) ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૫૪ અથવા ૫૬ ની જોગવાઈઓ અનુસાર આ પરમીટ મોકુફ રાખી શકાશે અથવા રદ કરી શકાશે.

(૯) જે મુદત માટે આ પરમીટ આપવામાં આવી હોય તે મુદત ચાલુ હોય તે દરમ્યાન તે પાછી સોંપવામાં, મોકુફ રાખવામાં કે રદ કરવામાં આવે અથવા તે મુદત પુરી થયેથી તે તાજી કરવામાં આવે તો તે પરમીટ ધરાવનારે વેચાણ વિના નવસારનો સમગ્ર સ્ટોક પરમીટ આપનાર સત્તાધિકારીને પરત સોંપી દેવો જોઈશે. પરમીટ ધરાવનારે આપરમીટ હેઠળ તેને રાખવાનું અને જાળવવાનું ફરમાવ્યુ હોય તેવા તમામ હિસાબી રજીસ્ટરો અને વિઝિટ બુક પણ અસલ નકલમાં પરમીટ આપનાર સત્તાધિકારીને સોંપી દેવો જોઈશે.

સને ૨૦૧૭ ના મે મહીનાની ૩૧ તારીખે આપ્યુ.

(ડી. બી. જોષી)
અધિક્ષક
નશાબંધી અને આબકારી
વડોદરા. જિલ્લો. વડોદરા.

પરમીટ આપનાર સત્તાધિકારીનો સિક્કો — લાયસન્સ આપનાર સત્તાધિકારીની સહી અને હોદ્દો

સ્થળ:- વડોદરા

નોંધ:- ઉક્ત પરવાનેદાર રૂ.૧૦,૦૦૦=૦૦ ડિપોઝીટ બેન્ક ઓફ ઈન્ડિયા ગોરવા બ્રાન્ચ એ.ડી. નંબર ૧૧૮૪૧૧૦૨૨ મુદત તા.૦૫/૦૫/૨૦૧૭ થી તા.૦૫/૦૫/૨૦૨૨સુધીની છે.

No. 11-18-19 Date 1/4/2018
Renewal Form 1-4-18 to 31-3-19
on Payment of Rs 1500/- being
renewal Fee vide Ch. No 21
Dated 21/3/2018
30/04/2018
Superintendent of Prohibition
and Excise, Baroda. Dist. Baroda

No. 11-19-20 Date 1/4/2019
Renewal From- 1-4-19 to 31-3-2020
on payment of Rs. 3000
being renewal Fee vide Ch. No. 41
Dated 25/3/2019
30/03/2019
Superintendent of Prohibition
and Excise-Baroda, Dist. Baroda.

મે. એવિડ ઓર્ગેનિક્સ, પ્રા.લી., સર્વે નં. ૪૬૦/પી-૩, મુ. પોઈચા (રાણીયા), તા- સાવલી, જિ. વડોદરા ના એ. સી- ૧ લાયસન્સ નં. ૧૧/૨૦૧૯-૨૦નું સાંધણઃ-

---

SUPERINTENDENT OF PROHIBITION & EXCISE BARODA DISTRICT BARODA

| | |
|---|---|
| No.: 11/2020-21 | Date: 19/5/2020 |
| Renewal From: 01/04/2020 | to 31/03/2021 |
| On Payment Of Rs. 3000/- | |
| Being Renewal Fee Vide Ch.No.: Nil | |
| Dated: 21/03/2020 | |

SUPERINTENDENT OF PROHIBITION AND EXCISE VADODARA, DIST.-VADODARA.

No 11/2021-2022 Date 31/3/2021
Renewal Form 1-4-2021 to 31-3-2022
on Payment of Rs 3000 being
renewal Fee vide Ch. No Nil
Dated 25/2/2021

Superintendent of Prohibition
and Excise Baroda Dist. Baroda

| | |
|---|---|
| No.: 11/2022-23 | Date: 1/4/2022 |
| Renewal From: 01/04/2022 | to 31/03/2023 |
| On Payment Of Rs. 3000/- | |
| Being Renewal Fee Vide Ch.No.: NIL | |
| Dated: 25/03/2022 | |

SUPERINTENDENT OF PROHIBITION AND EXCISE VADODARA, DIST.-VADODARA.

| | |
|---|---|
| No.: 11/2023-24 | Date: 31/03/2023 |
| Renewal From: 01/04/2023 | to 31/03/2024 |
| On Payment Of Rs. | 3000/- |
| Being Renewal Fee Vide Ch.No.: | 362 |
| Dated: 21/03/2023 | |

SUPERINTENDENT OF PROHIBITION AND EXCISE VADODARA, DIST.-VADODARA.
06/04/23